**(1) જમ્મુ-કશ્મીર એકીકૃત ફરિયાદ નિવારણ અને નિરીક્ષણ પ્રણાલી (JK-IGRAMS)ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?**

(1) આ પ્રણાલી જમ્મુ–કશ્મીરના બધા જિલ્લાઓમાં શરૂ કરવામાં આવેલી છે.

(2) આ પ્રણાલી કેન્દ્ર સરકારની ઓનલાઈન ફરિયાદ વ્યવસ્થાપન પ્રણાલી/પોર્ટલથી જોડવામાં આવેલ પ્રથમ કેન્દ્ર–શાસિત પ્રદેશ હશે.

(3) પ્રણાલી અંતર્ગત જમ્મુ–કશ્મીર પ્રશાસન સંબંધી ફરિયાદોના નિકાલ અને નિરક્ષણ હેતુ “ઉપાયુકતો” (Deputy Commissioner)ની નિમણૂક કરવામાં આવશે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં જમ્મુ–કશ્મીરના ઉપ–રાજ્યપાલ દ્વારા વહીવટી અમલને વધુ સારુ બનાવવા અને કામ કરવાની ગુણવત્તા સુધારવા જમ્મુ–કશ્મીર એકીકૃત ફરિયાદ નિવારણ અને નિરીક્ષણ પ્રણાલીની શરૂઆત કરી છે.

⇛ હાલમાં આ પ્રણાલી પાયલટ પ્રોજેકટના રૂપમાં જમ્મુ, શ્રીનગર અને રિયાસી જિલ્લામાં શરૂ કરવામાં આવેલ છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ તે કેન્દ્ર સરકારના ઓનલાઈન ફરિયાદ વ્યવસ્થાપન પ્રણાલી/પોર્ટલથી જોડનાર પ્રથમ કેન્દ્રશાસિત પ્રદેશ હશે.

⇛ જમ્મુ–કશ્મીર સંબંધિત ફરિયાદોના નિવારણ માટે પ્રાથમિક સ્તર પર “ઉપાયુકતો” ની નિમણૂક કરવામાં આવશે.

⇛ એક અઠવાડિયામાં 5 દિવસ નિર્ધારિત સમય પર બધા જિલ્લાઅધિકારી તથા પોલીસ અધિક્ષક ફરિયાદોના નિવારણ માટે હાજર રહેશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(2) રાજ્યસભાના ઉપસભાપતિના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?

(1) ભારતીય બંધારણના અનુચ્છેદ 89 અંતર્ગત ઉપસભાપતિના પદની જોગવાઈ છે.

(2) રાજ્યસભાના ઉપસભાપતિને પદ પરથી દૂર કરવાનો પ્રસ્તાવ કુલ સભ્યોની 2/3 બહુમતીથી પસાર કરવો જરૂરી છે.

(3) રાજ્યસભાના ઉપસભાપતિને પોતાના હોદ્દાના કોઈ શપથ લેવાના હોતા નથી.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ ભારતીય બંધારણના અનુચ્છેદ **89(2)** મુજબ રાજ્યસભાના સભ્યો જ પોતાનામાંથી કોઈ એક સભ્યને ઉપસભાપતિ તરીકે પસંદ કરે છે.

⇛ જ્યારે રાજ્યસભામાં સભાપતિનું પદ કોઈ કારણોસર ખાલી પડે કે સભાપતિ ગેરહાજર હોય ત્યારે ઉપસભાપતિ રાજ્યસભાનું સંચાલન કરે છે.

⇛ તેઓ ગૃહનું સંચાલન કરતા હોય ત્યારે નિર્ણયમાં પ્રથમ વખતમાં મતદાન કરી શકે નહી પરંતુ બરાબર મતો પડે તો નિર્ણાયક મત આપે છે.

⇛ રાજ્યસભાના ઉપસભાપતિને હોદ્દાના શપથ લેવાના હોતા નથી કારણ કે તેમણે રાજ્યસભાના સભ્ય તરીકેના શપથ લીધા હોય છે.

⇛ તેમને હોદ્દા પરથી દૂર કરી શકાય છે. પરંતુ દૂર કરવાનો આવો પ્રસ્તાવ રાજ્યસભામાં **14** દિવસની અગાઉ નોટિસ આપી વાસ્તવિક બહુમતીથી (કુલ સભ્યોની સંખ્યા – રાજીનામા, મૃત્યુ કે અન્ય ખાલી પડેલી જગ્યા) પસાર કરવો જરૂરી છે (આથી, વિધાન (2) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) કમિશન ઓન સ્ટેટસ ઓફ વુમેન (CSW)ના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?**

(1) તે સંયુકત રાષ્ટ્રની સંસ્થા 'યુનેસ્કો' અંતર્ગત કાર્યરત છે.

(2) આ સંસ્થાએ જાતીય સમાનતા અને મહિલાઓના સશકિતકરણને પ્રોત્સાહન આપવાનું કાર્ય કરે છે.

(3) ભારત તાજેતરમાં આ સંસ્થાના સભ્ય તરીકે વર્ષ 2021-2025 માટે ચૂંટાયું છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ભારત એ કમિશન ઓન સ્ટેટસ ઓફ વુમેનના સદસ્ય તરીકે ચૂંટાયુ હતું. ભારત એ વર્ષ 2021-2025 સુધી તેનુ સભ્ય બની રહેશે.

⇛ આ સંસ્થા એ સંયુકત રાષ્ટ્રની ઈકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલ (ECOSOC) અંતર્ગત કાર્ય કરે છે (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ સંસ્થા એ ECOSOCના સંકલ્પ 11(II) અંતર્ગત 21 જૂન, 1946ના રોજ સ્થાપવામા આવી હતી.

⇛ આ સંસ્થા એ મહિલાઓના અધિકારો અને જાતીય સમાનતાના ધોરણો તથા મહિલાઓના સશકિતકરણને પ્રોત્સાહન આપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(4) વોટર હીરોઝ હરીફાઈના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?**

(1) આ સ્પર્ધાનું આયોજન ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું છે.

(2) આ સ્પર્ધા માટે પસંદ થયેલ એન્ટ્રીને રૂ. 10000નું રોકડ ઈનામ આપવામાં આવશે.

(3) પુરસ્કારોના વિચાર માટે પ્રત્યેક મહિને 10 એન્ટ્રીઓ આમંત્રિત કરવામાં આવશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં જલ શકિત મંત્રાલય દ્વારા જળ સંરક્ષણ અને જળ વ્યવસ્થાપન જેવા વિષયો પર લોકો સુધી પહોંચ બનાવવાના ઉદ્દેશ્યથી 'વોટર હીરોઝ–શેર યોર સ્ટોરીઝ 2.0' નામની હરીફાઈનો શુભારંભ કર્યો હતો.

⇛ આ કાર્યક્રમનો પ્રાથમિક ઉદ્દેશ્ય દેશમાં જલ સંરક્ષને જન આંદોલન બનાવવાનો અને જલ પ્રતિ ચેતનાને મજબૂત બનાવવાનો છે.

⇛ હરીફાઈના માધ્યમથી સમગ્ર ભારતમાં જલ સંરક્ષણ સંબંધિત સર્વશ્રેષ્ઠ પ્રયાસોને પ્રોત્સાહન મળશે અને આવા બધા પ્રયાસોને એક સાથે એક મંચ પર લાવવામાં આવશે.

⇛ પુરસ્કારો પર વિચાર માટે પ્રત્યેક મહિને એન્ટ્રીઓ આમંત્રિત કરવામાં આવશે. પુરસ્કાર માટે પ્રત્યેક મહિને 10 એન્ટ્રીઓ આમંત્રિત કરવામાં આવશે.

⇛ પ્રત્યેક પસંદગી કરવામાં આવેલ એન્ટ્રીને રૂ. 10,000નું રોકડ પુરસ્કાર અને એક પ્રમાણપત્ર આપવામાં આવશે.

⇛ આ હરીફાઈમાં ભાગ લેતા સ્પર્ધકોએ જલ સંરક્ષણના ક્ષેત્રમાં પોતાની સફળતાની વાર્તા જણાવવાની રહેશે, જેના અંતર્ગત જલ સંરક્ષણ, જલ ઉપયોગ અને જલ સંસાધન વિકાસ તથા વ્યવસ્થાપનના ક્ષેત્રમાં તેમના દ્વારા કરવામાં આવેલ પ્રયાસ/મહત્ત્વપૂર્ણ યોગદાન/સર્વોત્તમ પ્રથાઓ પર લગભગ 300 શબ્દોનો એક લેખ, ચિત્ર અને 1-5 મિનિટના વીડિયોનો સમાવેશ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) તાજેતરમાં 'વાસ્તવિક નિયંત્રણ રેખા' પર ચાલતા વિવાદના સમધાન અર્થે ભારત અને ચીન દ્વારા 5 સૂત્રીય કાર્યક્રમ પર સહમતિ વ્યકત કરી છે. આ 5 સૂત્રીય કાર્યક્રમમાં નીચેનામાંથી શેનો સમાવેશ થતો નથી.**

(1) મતભેદોને વિવાદ ન બનવા દેવા

(2) સીમાથી સેના પાછી લાવવી.

(3) સંવાદ ઓછો કરવો અને શાંતિ બનાવી રાખવી.

(4) પરસ્પર વિશ્વાસ માટે નવા પગલા ઊઠાવવા

(5) ટેક્નોલોજીના માધ્યમથી વાર્તાલાપ

(A) માત્ર (3) અને (5)

(B) માત્ર (1), (3) અને (4)

(C) માત્ર (4) અને (5)

(D) માત્ર (2), (4) અને (5)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ 'વાસ્તવિક નિયંત્રણ રેખા' (LAC) પર ચાલતા વિવાદને ઓછો કરવા ભારત–ચીનના વિદેશ મંત્રીઓ દ્વારા 5 સૂત્રીય કાર્યક્રમ પર સહમતિ વ્યકત કરવામાં આવી છે જેના અંતર્ગત નીચેની બાબતોનો સમાવેશ થાય છે :

(1) મતભેદોને વિવાદ ન બનવા દેવા

(2) સીમાથી સેનાઓ પાછી લાવવી

(3) ભારત–ચીન સીમા પ્રોટોકોલનું પાલન

(4) સંવાદ ચાલુ રાખવો

(5) પરસ્પર વિશ્વાસ વધારવા નવા પગલાઓ ઊઠાવવા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT